ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં મેઘરાજાની પધરામણી

**૨૪ કલાકમાં સવા ઇંચ વરસાદ : સેક્ટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા : રાત્રિના વરસાદી છાંટણા બાદ બપોરે અચાનક જ વાતાવરણ પલ્ટાયુ**

**વરસાદના ભારે ઝાપટાથી ઠંડક પ્રસરી : ગરમીથી ત્રસ્ત નગરજનોએ વરસાદી મોસમની મજા માંણી : સેક્ટરોમાં વરસાદી સમસ્યાઓ વિકરાળ બની**





ગાંધીનગર તા ૧૭

શહેરમાં છેલ્લા બે દિવસથી આકાશી નઝારો બદલાય છે. ગઈકાલે રાત્રિના સમયે વરસાદી ઝાપટા બાદ આજે બપોરે પણ અચાનક જ આકાશી નઝારો બદલાયો હતો આકાશમાં ગોરંભાયેલા કાળા ડિબાંગ વાદળો વચ્ચે વરસાદી વાયરો ફુંકાયો હતો પલવારમાં જ મેઘરાજાની પધરામણી થતા વરસાદના ધોધમાર ઝાપટના લીધે સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં સવા ઈંચ વરસાદ વરસ્યો છે. સેકટરોમાં ભીંજારાના માહોલ વચ્ચે ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ ડોકીયા કરી રહી છે. જયારે વરસાદના વાતાવરણમાં ઠંડક પ્રસરતા ગરમીનો પારો પણ ગગડયો છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. ગઈકાલે સાંજના સમયે વરસાદી વાયરા અને વાદળ ગર્જના વચ્ચે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. જયારે રાત્રિના સમયે પણ ઝરમર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. છેલ્લા બે દિવસથી વરસાદી ભીંજારાથી શહેરમાં ચોમાસાનુ આગમન થઈ ગયુ હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. જયારે આજે પણ સવારે થાડીવાર માટે આકાશ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ. જયારે બપોરના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. પલવારમાં જ સુસવાટા મારતા પવન સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. વરસાદના ભારે ઝાપટાથી સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જયારે કોમન પ્લોટમાં પણ પાણીના ભરાવા વચ્ચે કાદવ કિચ્ચડની સ્થિતિ જોવા મળી હતી. શહેરના મુખ્યમાર્ગો પર પણ રોડની એક સાઈડમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. નગરના અન્ડર પાસમાં પણ પાણીના ખાબોચિયા ભરાયા હતા. શહેરમાં વરસાદી ઝાપટાના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. આકાશમાં ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો જોરશોરથી વરસવાનુ શરૂ થતા આજે સાંજ સુધી વરસાદ અટકશે નહી તેમ જણાંતુ હતુ પરંતુ વરસાદી વાદળો ઝાપટુ વરસાવી અદ્રશ્ય થઈ ગયા હતા. જો કે દિવસ દરમિયાન ૨૦ મી મી વરસાદ વરસ્યો હતો. જયારે ગઈકાલે સાંજે અને રાત્રિ દરમિયાન પણ ૯ મીમી વરસાદ થયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૨૯ મી મી વરસાદ નોંધાયો છે. શહેરમાં એક ઈંચથી વધુ વરસાદના લીધે ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ ઉદભવી છે. સેકટરોમાં પાણીના ભરાવા વચ્ચે ગંદકીના થર જામ્યા છે. જયારે વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવ્યા બાદ પણ હજુ પાણીનો નિકાલ થતો ન હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. વરસાદી દિવસોની શરૂઆતમાં જ સેકટરોમાં દુવિધાઓના ઢગ ખડકાયા છે. જયારે માર્ગો અને ફુટપાથ પર ગાબડા વચ્ચે સેકટરોમાં ખોદકામના અંતે ખડકાયેલા માટીના ઢગ પણ વરસાદ વચ્ચે અનેક સમસ્યાનુ કારણ બન્યા છે. બપોરના અંતે પણ વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. જયારે વરસાદના લીધે ગરમીનો પારો પણ ચાર ડીગ્રી નીચે ગગડયો હતો. મહત્તમ તાપમાન ૩૫.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં ૬ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ૫મ ૨૨.૫ ડીગ્રી નોંધાયુ હતુ. વરસાદી મોસમ નિખરતા નગરજનોએ આજે બફારાથી રાહત અનુભવી હતી.

## મેઘરાજાની પધરામણી સાથે ભજીયા દાળવડાની જયાફત ઉડી



શહેરમાં આકરી ગરમી અને અસહ્ય બફારા વચ્ચે અચાનક જ વરસાદી મોસમ નિખરી છે. છેલ્લા બે દિવસથી આકાશી નઝારો બદલાયો છે. ત્યારે રોજબરોજ વરસાદ પણ હાજરી પુરાવી જાય છે. આજે બપોરે મેઘરાજાની પધરામણી થતા નગરજનો હળવા ભારે વરસાદી ઝાપટા વચ્ચે ભીંજાવાની મજા માંણવા નિકળી પડયા હતા. છેલ્લા ઘણાં સમયથી ગરમીથી ત્રસ્ત નગરજનોએ વરસાદી મોસમની મજા માણી હતી જયારે વરસાદની મોસમમાં ગરમ ભજીયા અને દાળવડા સાથે ચા ની ચુસ્કી માંણવા ઉત્સુક ગાંધીનગરાઓએ મોસમની નજાકતનો લુફત ઉઠાવી ભજીયા પાર્ટી કરી હતી. સેકટરોમાં સ્થિત લારીઓ અને ખાણીપીણીની દુકાને વરસતા વરસાદમાં ભજીયાના લીધે ભીડ જોવા મળી હતી. વરસાદના ભીંજારા વચ્ચે ગરમ દાળવડા ખાવા માટે ઉત્સુક સ્વાદરસિયાઓએ તડાકો બોલાવ્યો હતો. ભજીયાની લારીએ ગરમાગરમ દાળવડા અને ભજીયા ઓરોગ્વા લાઈન લાગી હતી વરસાદી ઠંડક વચ્ચે ગરમ ચ્હાની ચુસ્કી સાથે ચીલ મારતા નજરે પડયા હતા.

# જિલ્લાના ચારેય તાલુકામાં હળવા વરસાદી ઝાપટા

**ખરીફ વાવેતરને વેગ મળ્યો : હેગામમાં ૧૫ મી.મી., ગાંધીનગર તાલુકામાં ૫ મી.મી., કલોલમાં ૨ મી.મી. અને માણસામાં ૩૧ મી.મી. વરસાદ ગુરૂવાર સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો છે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં ગઈકાલે થયેલા હળવા વરસાદ પછી ખરીફ ઋતુના વાવેતરમાં વેગ આવ્યો છે. જિલ્લામાં ગઈકાલે સાંજે પોણા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જો કે પવન સાથે વરસાદ હોવાને કારણે અને જે પ્રમાણે વીજ કડાકાઓ થતા હતા તે મુજબ વરસાદ નોંધાયો નથી.

મળતા અહેવાલો પ્રમાણે દહેગામમાં ૧૫ મી.મી., ગાંધીનગર તાલુકામાં ૫ મી.મી., કલોલમાં ૨ મી.મી. અને માણસામાં ૩૧ મી.મી. વરસાદ ગુરૂવાર સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો છે. દરમ્યાન આજે ગુરૂવારે બપોરે ૨ થી ૪ વચ્ચે ગાંધીનગરમાં ૧૮ મી.મી., કલોલમાં ૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ૪ થી ૬ દરમ્યાન ગાંધીનગરમાં ૩ મી.મી., દહેગામમાં ૧૪ મી.મી., કલોલમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં ગઈકાલે અને આજે થયેલો વરસાદ પ્રિ. મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે થઈ રહ્યો હોવાનું મનાઈ રહ્યુ છે. ઉત્તર ગુજરાતમાં હજુ ચોમાસુ પહોંચ્યુ જ નથી તેમ કેટલાક ખગોળવિદોનું કહેવુ છે.

જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં થયેલા વરસાદને કારણે વાતાવરણમાં બદલાવ આવ્યો છે એટલુ જ નહિ જમીનમાં ભેજ થતાં ખરીફ ઋતુના વાવેતરને પણ વેગ મળ્યો છે. જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૧૦ હજાર હેક્ટરને પાર કરી ગયાનું ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળેલ છે.



તેજ પવનનું પરિણામ - ગુરૂવારે બપોરે તેજ પવન સાથે વરસાદી ઝાપટાને પગલે શહેરના આંતરિક અને મુખ્ય માર્ગો પરના કેટલાક વૃક્ષની ડાળીઓ નમી પડી હતી.... જ્યારે કેટલી ધરાશયી થઈ હતી... જેનાથી વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## પોલિંગ બુથ પેટર્ન પર કોરોના વેક્સિનેશન કેમ્પોનું આયોજન કરો : શિવહરે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવા માટે પોલીંગ બુથ પેટર્ન પર રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવે તેવી સૂચનાઓ આજે વિડીયો કોન્ફરન્સ દરમ્યાન રાજયના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ આપી હતી.

જિલ્લાઓમાં જ્યાં જ્યાં રસીકરણ ઓછુ દેખાતુ હોય તેવા વિસ્તારોમાં પોલિંગ બુથ પેટર્ન પ્રમાણે રસીકરણના કેમ્પોનું આયોજન કરવામાં આવે તેના પર તેમણે ભાર મુક્યો હતો.

ત્રીજા વેવની સંભાવનાઓને લઈ તંત્રને વધુને વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવે તેમ તેમણે કહ્યુ હતુ. તેમણે વેક્સિનેશન સાઈટો વધે તેવુ નહિ પણ વેક્સિનેશન અભિયાનનો લોકોને વધુમાં વધુ લાભ મળે તેના પર ધ્યાન કેન્દ્રીત કરવા પોલિંગ બુથ પેટર્ન પર કામગીરી કરવા આગ્રહ કર્યો હતો.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં આજે કોરોનાના નવા ૪ કેસ નોંધાયા

**૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું : ૧નું મોત થયુ**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો હવે આંગળીના વેઢે ગણી શકાય તેટલા નોંધાતા હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ લઈ વેક્સિનેશન પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

જિલ્લામાં આજે ૪ કેસ નોંધાયા છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૩ અને ગાંધીનગર શહેરમાં એક કેસ નોંધાયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૩ એ કેસ કલોલ તાલુકાના છે. કલોલ તાલુકાના કરોલી ગામેથી બે કેસ મળી આવેલ છે. આ ઉપરાંત સઈજ ગામેથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાંથી નોંધાયેલ એક દર્દીનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે. આ દર્દીને ડાયાબીટીસ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૯૫૨૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૧૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૪૩૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક જ કેસ નોંધાયો છે અને તે સે. ૨૨ માં નોંધાયો છે.

શહેરમાં આજે ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૫૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ ૯૭ ટકાએ પહોંચ્યો હોવાનો દાવો પણ તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

## દહેગામ તાલુકા પંચાયતના બે ઠરાવોને પ્રતિષેધ કરાતાં ભાજપમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૧૭

દહેગામ તાલુકા પંચાયતની સામાન્ય સભાએ પસાર કરેલા બે પ્રસ્તાવોને પ્રતિષેધ કરવામાં આવતાં રાજકારણ ગરમાયુ છે.

દહેગામ તાલુકા પંચાયતની તા. ૨૬-૩-૨૧ના રોજ મળેલ સામાન્ય સભામાં વિકાસ કામોને મંજૂર કરવાની સત્તા પ્રમુખને સોંપવા અંગે તેમજ સ્વભંડોળમાંથી કરાયેલ ખર્ચને મંજૂરી આપવાની સત્તા સોંપતા બે પ્રસ્તાવો મંજૂર કરાયા હતા.

આ બન્ને પ્રસ્તાવ પંચાયત અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતા હોવાથી તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રતિષેધ કરવામાં આવ્યા હતા. આ પછી મામલો જિલ્લાકક્ષાએ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ આવ્યો હતો. તેમણે પણ તાલુકા વિકાસ અધિકારીના નિર્ણયને કાયમ રાખતાં હવે આખો મામલો વિકાસ કમિશનરશ્રીની કચેરીએ પહોંચશે.

તાલુકા પંચાયતના બે પ્રસ્તાવો પ્રતિષેધ થતાં તાલુકાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. આ માટે ભાજપના આગેવાનોએ પ્રદેશ સુધી રજુઆતો કરી છે તેમજ સચિવાલય સુધીની પણ દોટ લગાવી છે.

પંચાયત અધિનિયમની જોગવાઈઓને લઈ હવે ભાજપ દ્વારા જિલ્લા અને તાલુકાના સભ્યોને પ્રશિક્ષિત કરવાની વિચારણા જિલ્લા સંગઠ્ન દ્વારા હાથ ધરાઈ હોવાનું પણ જાણવા મળેલ છે જેથી આગામી દિવસોમાં તંત્ર સાથેના ટકરાવને નિવારી શકાય.

## સે-૩ ના કેટલાક વિસ્તારમાં બે ફુટ સુધી પાણી ચઢતુ નથી

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં દાયકાઓ જુની પાણીની પાઈપલાઈન અને ટોપોગ્રાફીના લીધે પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. જયારે વર્ષોના અંતે હવે નવા સેકટરોમાં પણ પાણી બે ફુટ સુધી પણ ઉપર ચઢતુ ન હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સે-૩ ના એક સિનિયર સિટીઝને આ અંગે પાટનગર યોજના વિભાગ સમક્ષ રજુઆત કરી છે.

શહેરમાં પાણીની સમસ્યા સમયાંતરે ઉઠતી રહે છે. શહેરના નવા અને જુના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો સ્થાનિકો માટે વારંવાર રોષનુ કારણ બને છે. શહેરના સે-૨,૩, ૪ અને સે-૫માં પણ પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર વખતોવખત ઉઠવા પામે છે.

એકબાજુ સેકટરોમાં વર્ષો જુની પાઈપલાઈન પણ પાણીની સમસ્યા માટે જવાબદાર હોવાનુ મનાઈ છે. ત્યારે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જેથી આગામી દિવસોમાં પાણીની ફરિયાદો દુર થઈ જશે તેવી આશા પણ નાગરિકો સેવી રહ્યા છે. પરંતુ હાલની સ્થિતિએ નાના ડાયામીટરની લાઈન તેમજ ટોપોગ્રાફી મુજબ નીચાણવાળા વિસ્તારમાં ઘણીવાર પાણી ન આવતુ હોવાની ફરિયાદોના લીધે રહીશોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. સે-૩ ના એક વડીલે રજુઆતમાં જણાંવ્યા મુજબ સે-૩ માં બે ફુટ ઉપર પણ પાણી ચઢતુ નથી પાટનગરમાં પાણી વિતરણ વ્યવસ્થા અત્યંત નબળી છે. જેના લીધે સેકટરવાસીઓએ હાલાકી વેઠવી પડે છે.

જયારે આડા દિવસોમાં પણ પાણીનો ફોર્સ આટલો બધો ઓછો હોય ત્યારે ઉનાળાની આકરી ગરમીના કપરા દિવસોમાં પાણીની સમસ્યા વધુ જટીલ બને છે.તેમણે રજુઆતમાં તેમ પણ જણાંવ્યુ છે કે જી ઈ બી કોલોનીમાં ત્રણ માળ સુધી પાણી આવે છે. ત્યારે આ વ્યવસ્થા મુજબ સેકટરોમાં પણ પુરતા ફોર્સથી પાણી આવે તેવુ આયોજન કરવુ જોઈએ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com